ડાયરેક્ટ ❤ સે

કંઈક તો હશે
આ સંબંધ નામના બંધનમાં
નહીંતર
ગોવર્ધન ઉંચકનારો
સુદામાના પગ ના ધુએ

જન્મદિને વધામણી

છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ

સાધનાબેન પરમાર
લાયોનેસ ક્લબ

અમિત ગોંડ
વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

રાજ્ય શિક્ષણ બોર્ડે એકેડેમિક કેલેન્ડર જાહેર કર્યું

વર્ષ દરમિયાન અભ્યાસના ૨૪૭ દિવસ

પ્રથમ સત્ર ૧૧૬ દિવસનું, બીજું સત્ર ૧૩૧ દિવસનું રહેશે, ૭ માર્ચ, ૨૦૧૯થી પરીક્ષાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં ૧૧ જૂનથી શરૂ થતાં નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને ૨૪૭ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. શિક્ષણ બોર્ડે નવા શૈક્ષણિક વર્ષ માટે એકેડેમિક કેલેન્ડર જાહેર કર્યું છે. આ મુજબ પ્રથમ સત્રમાં ૧૧૬ દિવસ અને બીજા સત્રમાં ૧૩૧ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. માર્ચ-૨૦૧૯માં લેવાનારી શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાઓ ૭ માર્ચથી શરૂ કરવામાં આવશે. જ્યારે સ્કૂલ કક્ષાએ લેવાનારી ધો.૯ અને ધો.૧૧ની વાર્ષિક પરીક્ષાઓ ૮ એપ્રિલથી શરૂ કરવામાં આવશે. સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને ૮૦ દિવસની રજા મળશે. જેમાં બે વેકેશનની ૫૬ રજા રહેશે. પ્રથમ સત્રના અંતે ૫ નવેમ્બરથી ૨૧ દિવસીય દિવાળી વેકેશનનો પ્રારંભ થશે.

નવા સત્રનો પ્રારંભ ૧૧ જૂન, ૨૦૧૮થી થશે. પ્રથમ સત્ર ૧૧૬ દિવસનું રહેશે અને તે ૪ નવેમ્બર, ૨૦૧૮ સુધી ચાલશે. બાદ ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન પડશે. દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ ૧૩૧ દિવસનું બીજુ શૈક્ષણિક સત્ર ૨૬ નવેમ્બર, ૨૦૧૮થી શરૂ થશે અને ૫ મે, ૨૦૧૯ સુધી ચાલશે. ત્યાર બાદ ૬ મે, ૨૦૧૯ના રોજથી ૩૫ દિવસનું ઉનાળું વેકેશન શરૂ થશે અને ૯ જૂન, ૨૦૧૯ સુધી ચાલશે. ત્યાર પછીના શૈક્ષણિક વર્ષનો પ્રારંભ ૧૦ જૂન, ૨૦૧૯થી થશે. વર્ષ દરમિયાન ૮૦ રજાથી એક પણ રજા વધવી ન જોઈએ તેવી સૂચના અપાઈ છે. ૮૦ રજાઓમાં દિવાળી વેકેશનની ૨૧ અને ઉનાળું વેકેશનની ૩૫ મળી કુલ ૫૬ રજા બે વેકેશનની રહેશે. ઉપરાંત ૧૭ જાહેર સાથે ૭૩ રજા થવા જાય છે. ઉપરાંત ૭ રજા આકસ્મિક-સ્થાનિક રહેશે. આમ, કુલ ૮૦ દિવસની મહત્તમ રજા વર્ષ દરમિયાન રહેશે.

ધો.૧૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પરીક્ષાઓ ૭ માર્ચ, ૨૦૧૯થી શરૂ થશે અને ૨૩ માર્ચે પૂર્ણ થશે. ઉપરાંત, ધો.૯ અને ધો.૧૧ની વાર્ષિક પરીક્ષાઓ ૮ એપ્રિલ, ૨૦૧૯થી શરૂ કરી ૧૬ એપ્રિલ, ૨૦૧૯ના રોજ પૂર્ણ કરાશે. હાલમાં જુલાઈ, ૨૦૧૮માં લેવામાં આવનારી ધો.૧૦ અને ધો.૧૨ની પૂરક પરીક્ષા ૬ જુલાઈથી શરૂ કરવાનું અને ૯ જુલાઈના રોજ પૂર્ણ કરવાનું આયોજન છે.

સમગ્ર વર્ષ દરમિયાન ૨૪૭ દિવસનો અભ્યાસ કરાવાશે. પ્રથમ સત્રમાં જૂનમાં ૧૭ દિવસ, જુલાઈમાં ૨૬ દિવસ, ઓગસ્ટમાં ૨૪ દિવસ, સપ્ટેમ્બરમાં ૨૨ દિવસ, ઓક્ટોબરમાં ૨૪ દિવસ અને નવેમ્બરમાં ૩ દિવસ મળી પ્રથમ સત્રના કુલ ૧૧૬ દિવસ થશે. બીજા સત્રમાં નવેમ્બરમાં ૫ દિવસ, ડિસેમ્બરમાં ૨૫ દિવસ, જાન્યુઆરીમાં ૨૫ દિવસ, ફેબ્રુઆરીમાં ૨૪ દિવસ, માર્ચમાં ૨૪ દિવસ, એપ્રિલમાં ૨૪ દિવસ અને મેમાં ૪ દિવસ મળી કુલ ૧૩૧ દિવસનો અભ્યાસ કરાવાશે.

પૂરક પરીક્ષા ૬-૭-૧૮થી ૯-૭-૧૮
પ્રથમ કસોટી ૧૯-૧૦-૧૮થી ૩૦-૧૦-૧૮
દ્વિતીય કસોટી ૨૮-૧-૧૯થી ૬-૨-૧૯.
પ્રખરતા શોધ કસોટી ૭-૨-૧૯થી ૯-૨-૧૯
બોર્ડની સૈદ્ધાંતિક પરીક્ષા ૧૨-૨-૧૯થી ૧૪-૨-૧૯
સાયન્સની પ્રાયોગિક પરીક્ષા ૧૫-૨-૧૯થી ૧૮-૨-૧૯
બોર્ડની પરીક્ષા ૭-૩-૧૯થી ૨૩-૩-૧૯
ધો-૯, ૧૧ની વાર્ષિક પરીક્ષા ૮-૪-૧૯થી ૧૬-૪-૧૯

ડિગ્રી ઍન્જિનીયરિંગને મળ્યો નબળો પ્રતિસાદ ફાર્મસીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ધસારો

ઍન્જિનીયરિંગમાં ૬૬,૦૫૯ બેઠકો, માત્ર ૪૩,૦૨૧ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૨

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે છેલ્લા દોઢ માસથી ચાલતી પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થઇ છે. ગઈકાલે છેલ્લા દિવસે કુલ ૪૩,૦૨૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધુ છે. આમ, કુલ ૬૬ હજાર બેઠકો માટે ૪૩ હજાર વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવતાં પ્રવેશ પ્રક્રિયાનો મોક રાઉન્ડ શરૂ થાય તે પહેલા જ ૨૩ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ છે. આગામી દિવસોમાં ખાલી બેઠકોનો આંકડો વધે તેવી પણ શક્યતા છે.

ધો.૧૨ સાયન્સનુ પરિણામ આવ્યા પછી વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન કરવામાં મુશ્કેલી ન પડે તે માટે આ વખતે પ્રવેશ સમિતિ એ એપ્રિલ માસમાં જ પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. વહેલા રજિસ્ટ્રેશનના કારણે મોટી સંખ્યામાં રજિસ્ટ્રેશન થશે તેવી આશા રાખવામાં આવતી હતી પરંતુ ગઈકાલે પૂર્ણ થયેલી પ્રક્રિયામાં ૪૩,૦૨૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કર્યું હોવાનું બહાર આવ્યું હતું. ડિગ્રી ઈજનેરીમાં કુલ ૬૬,૦૫૯ બેઠકો ઉપલબ્ધ છે. જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તે તમામને પ્રવેશ ફાળવી દેવામાં આવે તો પણ ૨૩ હજાર બેઠકો ખાલી પડે તેમ છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે સારી બ્રાન્ચ નહીં મળવાના કારણે અથવા તો અન્ય પ્રવેશ મેળવવાના કારણે હાલમાં રજિસ્ટ્રેશન કરાવ્યુ છે તે પૈકી ૩ થી ૪ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા નથી. ધો. ૧૨ સાયન્સનું ઓછું પરિણામ, નોકરીની ઘટતી તકોના કારણે ખાલી બેઠકોનો આંકડો ૩૦ હજારને પાર કરે તેવી સ્થિતિ પેદા થઇ છે.

આ વખતે ફાર્મસીમાં પ્રવેશ માટે અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં અંદાજે ૫ હજાર બેઠકો ઉપલબ્ધ છે જેની સામે આ વખતે ૨૧ હજાર પીનનું વિતરણ થયું હતું. જે વિદ્યાર્થીઓ પીન લઈ ગયા તેમાંથી ૧૯,૯૬૮ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. આમ, આ વખતે ૫ હજાર બેઠકો માટે ચાર ગણા વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે દરખાસ્ત કરી છે. સૂત્રો કહે છે ડિગ્રી ઈજનેરીમાં ઘટતી જતી નોકરીની તકોની સામે ફાર્મસીમાં વધતી જતી તકોના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ધસારો કરી રહ્યા છે. આ ઉપરાંત એ અને બી બન્ને ગ્રૂપના વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક હોવાથી સારી બ્રાન્ચ ન મળે તેવું લાગતાં ફાર્મસીમાં પ્રવેશ માટે પ્રયાસ કરતાં હોય છે.

ડિપ્લોમા ઈજનેરી કોલેજના સંચાલકોએ વધુ ૧૪૦૦ બેઠકો સમિતિને પરત કરી

ગાંધીનગર, તા. ૨

ધો.૧૨ સાયન્સનું પરિણામ ગતવર્ષની સરખામણીમાં ઓછું આવ્યું છે. જેના કારણે ધો.૧૨ સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ફરીવાર પરીક્ષા આપવા કરતાં ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ લેતાં હોય છે. ઉપરાંત માત્ર ડિગ્રી ઈજનેરી કરવાની ઈચ્છતાં ધરાવતાં વિદ્યાર્થીઓ પણ ધો.૧૧-૧૨ સાયન્સ કરવાના બદલે ડિપ્લોમા પાસ કરીને ડિગ્રી કરવા ઈચ્છતાં હોવાથી ગત વર્ષની સરખામણીમાં આ વખતે ખાલી બેઠકોનો આંકડો ઘટશે તેવું પ્રવેશ સમિતિના સભ્યો માની રહ્યા છે.

ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે કાર્યવાહી ચાલુ છે. અગાઉ ૧૯ ડિપ્લોમા ઈજનેરી કોલેજોએ પોતાની બેઠકો ઓછી કરવા માટે પ્રવેશ સમિતિ સમક્ષ દરખાસ્ત કર્યા બાદ હવે વધુ ૧,૪૦૦ બેઠકોને 'નો એડમિશન ઝોન'માં મૂકવા માટે સંચાલકોએ દરખાસ્ત કરી છે. પ્રવેશ પ્રક્રિયા ચાલુ થાય ત્યાં સુધી જે કોલેજો પોતાની બેઠકોને નો એડમિશન ઝોનમાં મૂકવા ઈચ્છતાં હોય તે સ્વીકારવામાં આવશે..

ધો.૧૦નું પરિણામ જાહેર થયું તે પહેલા જ ૧૯ ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોએ પોતાની બેઠકો ઓછી કરવા માટે પ્રવેશ સમિતિ સમક્ષ દરખાસ્ત કરી દીધી હતી જેને સ્વીકારી પણ લેવાઈ છે. ઉપરાંત, બે સરકારી પોલિટેકનિકલમાં બેઠકો ઘટાડવામાં આવી છે. જ્યારે ત્રણ કોલેજો બંધ કરવા માટેની દરખાસ્તને મંજૂરી આપી દેવાઈ છે. આમ, આ વખતે કુલ ૬૬,૭૧૫ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ તે પહેલા જ ૧,૬૦૦થી વધારે બેઠકોનો ઘટાડો થયો હતો. તાજેતરમાં જુદી જુદી કોલેજના સંચાલકોએ વધુ ૧,૪૦૦ બેઠકો પ્રવેશ સમિતિને સુપરત કરીને નો એડમિશન ઝોનમાં મૂકવા દરખાસ્ત કરી છે. આ એવી બેઠકો છે કે જેને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE)એ મંજૂરી આપી દીધી છે.

જીટીયુ દ્વારા પણ આ બેઠકોનો માન્યતા આપી દેવાઈ છે. પરંતુ કોલેજના સંચાલકો એવું માની રહ્યા છે કે આ બેઠકો ભરાશે નહીં, જો ગણતરીના એટલે કે બે કે પાંચ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો આટલી ઓછી સંખ્યામાં ફેકલ્ટી ચલાવવી મુશ્કેલ થઈ પડે તેમ હોવાથી સામે ચાલીને પ્રવેશ સમિતિને બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ન ફાળવવા દરખાસ્ત કરી છે. આ દરખાસ્તને પ્રવેશ સમિત દ્વારા સ્વીકારી લેવાઈ છે. જે ૧૪૦૦ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવા માટે રજૂઆત કરવામાં આવી છે તેમાં આઈ.ટી., ઈ.સી., મિકેનિકલ જેવી બ્રાન્ચોનો પણ સમાવેશ થાય છે.

સીબીઍસસીના પરિણામમાં હિલવૂડ્સ સ્કૂલની વિદ્યાર્થિનીએ એ૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા.૩૧

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં સીબીઍસસીનાં ધોરણ-૧૦નાં પરિણામોમાં હિલવૂડ્સ સ્કૂલ, ગાંધીનગરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પ્રિયા જાનીએ ૯૭.૨ ટકા સાથે એ૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. સ્કૂલમાં પ્રિયા પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિની રહી છે. શાળા પરિવાર તરફથી પ્રિયાને આ ઉજ્જવળ પરિણામ બદલ બિરદાવવામાં આવી છે.

ગુજ. યુનિ.ના કોર્સીસમાં પ્રવેશ માટે પ્રત્યેક પીનની કિંમત રૂા. ૧૨૫ !

મહત્વની વાત એ કે વિદ્યાર્થીદીઠ ૧૨૫ રૂપિયા લીધા પછી યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્રકારની બુકલેટ કે સાહિત્ય પણ આપવામાં આવતું નથી

ગાંધીનગર, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી આર્ટસ, કોમર્સ સહિતના તમામ કોર્સમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રક્રિયામાં બેંકમાંથી ૧૨૫ રૂપિયા ખર્ચીને પીન લેવા સૂચના અપાઈ છે. મહત્વની વાત એ કે વિદ્યાર્થીદીઠ ૧૨૫ રૂપિયા લીધા પછી યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્રકારની બુકલેટ કે સાહિત્ય પણ આપવામાં આવતું નથી. આમ, માત્ર ૫ કે ૧૦ રૂપિયાની પીનના વિદ્યાર્થીઓ પાસેથી ૧૨૫ રૂપિયા ખંખેરવામાં આવી રહ્યા છે. યુનિવર્સિટી દ્વારા થતી આ પ્રકારની ઉઘાડીલૂંટ સામે હાલ વિદ્યાર્થીઓ-વાલીઓમાં ભારે આક્રોશ ઊભો થઈ રહ્યો છે.

યુનિવર્સિટી દ્વારા દરવર્ષની જેમ આ વખતે પણ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરાયું છે. ગતવર્ષે પીન વિતરણના નામે વિદ્યાર્થીઓ પાસેથી રૂ.૧૫૦ લેવામાં આવતાં હતા. જેનો ઉગ્ર વિરોધ થતાં ઘટાડીને રૂ.૧૨૫ કરી દેવાયા હતા. આ વખતે પીનના નામે વિદ્યાર્થીઓ પાસેથી રૂ.૧૨૫ લેવામાં આવી રહ્યા છે.

સૂત્રો કહે છે આ પીનની બજાર કિંમત માત્ર રૂ.૫ જેટલી થાય છે. તેમાં બેંક દ્વારા વિતરણ સહિતની ખર્ચ ઉમેરવામાં આવે તો પણ રૂ. ૧૦માં પીન વિતરણ કરી શકાય તેમ છે. પરંતુ આ પથી ૧૦ રૂપિયાની પીનના યુનિવર્સિટી દ્વારા રૂ.૧૨૫ લેવામાં આવી રહ્યા છે. એસીપીસી દ્વારા પણ પીન વિતરણ કરવામાં આવે છે પણ સાથે સાથે બુકલેટ પણ આપવામાં આવે છે. પરંતુ યુનિવર્સિટી દ્વારા માત્ર પીનના ૧૨૫ રૂપિયા વસુલવામાં આવી રહ્યા છે.

આ અંગે કોંગ્રેસના પ્રવક્તા ડો. મનીષ દોશી કહે છે ઓનલાઈન એડમિશનના નામે યુનિવર્સિટી દ્વારા ઉઘાડી લૂંટ શરૂ કરવામાં આવી છે. આ પીન વિતરણના આધારે ભેગા થનારા લાખો રૂપિયા વિદ્યાર્થીઓને નહીં પરંતુ સત્તાધીશોને લાભકર્તા થવાના છે. આ ફોર્મની લાખો રૂપિયાની આવક સત્તાધીશો અંગત ખર્ચમાં વાપરતાં હોય છે. આ પ્રકારની સ્થિતિ તાકીદે બંધ થવી જોઈએ. પીનના નામે માત્ર ૨૫ રૂપિયાથી વધારે રકમ ન લેવાની માંગણી પણ કરવામાં આવી છે. વધારે રકમ ઉઘરાવવામાં આવી છે તે પરત આપવાની માંગ કોંગ્રેસે કરી છે.

જમ્મુનિવાસી ૫૩ વર્ષીય મહિલા સંગીતા બહલે એવરેસ્ટ સર કર્યો

ગાંધીનગર, તા. ૨

જમ્મુ નિવાસી ૫૩ વર્ષિય સંગીતા બહલે વિશ્વનાં સૌથી ઉંચા ગિરીશિખર એવરેસ્ટ સર કરીને ઈતિહાસ રચી દીધો છે. માત્ર મહિલાઓ જ નહીં સમગ્ર ભારતની રોલ મોડેલ એવી સંગીતા કહે છે'' ઉંમર એ માત્ર એક આંકડો છે. બાકી બધી વસ્તુઓ ગૌણ બની જાય છે.

જ્યારે તમે તમારા સપનાઓ પુરા કરવા દોટ મુકો છો ત્યારે બધી વસ્તુઓ ગૌણ બની જાય છે.'' ભારત જેવા દેશમાં જ્યાં સ્પોર્ટ્સ એક્ટિવિટીને પ્રોત્સાહન નથી મળતું ત્યાં આ પ્રકારનાં એડવેન્ચર સ્પોર્ટસની દશા દાસાનુદાસ જેવી પ્રવર્તે છે. આવાં સમયે તેમણે ખરેખર '' સંકલ્પથી સિદ્ધી મેળવી છે. તેમણે હમવતન ૪૮ વર્ષિય પ્રેમિલા અગ્રવાલનો ૨૦૧૧માં એવરેસ્ટ ચઢવાનો રેકર્ડ સરપાસ કર્યો હતો. આ ઉંચાઈ તેમણે બીજા પ્રયાસમાં મેળવ્યો હતો. તેની સાથે બીજા ૬ જેટલાં કલાઈમ્બર્સ પણ હતા. તેઓ ચઢાણ દરમિયાન ૨૯૦૩૫ ફીટની ઉંચાઈ પર હાઈઅલ્ટિટ્યૂડ સિકનેસથી પીડાતા હતા. પણ સંગીતા જાણતી હતી કે આ ફક્ત ટેમ્પરરી સિચ્યુએશન છે. તેણે બેઝ કેમ્પમાં સારવાર લઈ ફરી એવરેસ્ટ ચડી બતાવ્યો. સંગીતા મિસ ઈન્ડિયાની સ્પર્ધક રહીં ચુકી છે. તે ગોરેગાંવમાં પોતાની ઈમેજ કન્સલટન્ટ ફર્મ ચલાવે છે. આ જ વર્ષે ગુડગાવની બજાજ પિતા પુત્રીની જોડીએ એવરેસ્ટ સર કર્યો હતો. તે કહે છે તેને જરા પણ ડર નથી લાગ્યો. લાઈફ ઈઝ ટુ શોર્ટ ટુ થિંક! મંગળવારે તે કેમ્પથી કાઠમંડુ પરત ફરશે.

વિશ્વ યોગ દિન નિમિત્તે

'યોગ્નોસિસ-કોર ઑફ લોર' રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૨

તા.૨૧મી જૂન, વિશ્વ યોગ દિન નિમિત્તે અમદાવાદમાં ઈન્ટરનેશનલ એલાયન્સ ઓફ યોગ થેરાપિસ્ટ (IAYT) ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા એક રાષ્ટ્રીય પરિસંવાદ 'યોગ્નોસિસ-કોર ઑફ લોર' સવારે ૮.૦૦ વાગ્યાથી પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબ પાછળ, એસ.જી.હાઈવે ખાતે યોજાશે. આ પરિસંવાદ માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, જાણીતા ઉદ્યોગપતિ ગૌતમભાઈ અદાણીએ શુભકામના પાઠવી છે. આ પ્રસંગે IAYT-ઈન્ડિયા ફાઉન્ડેશનનો પ્રારંભ થશે. સાથે જ સંસ્થાની વેબસાઈટ અને 'યોગ્નોસિસ' પુસ્તકનું વિમોચન પણ થશે.

આ અંગે વિગતો આપતાં IAYT-ઈન્ડિયા ફાઉન્ડેશનનાં ફાઉન્ડર ડિરેક્ટર કે જેમને ૩૧ વર્ષનો યોગ-પ્રશિક્ષણનો અનુભવ છે, એવા ૪૭ વર્ષીય આચાર્ય બિરજુ મહારાજે જણાવ્યું કે આ સંસ્થાના માધ્યમથી ભવિષ્યમાં ભારતીય પરંપરાગત યોગ, આયુર્વેદ અને વિશ્વની અન્ય ચિકિત્સા પદ્ધતિઓનો સમન્વય કરીને સ્વાસ્થ્ય પ્રાપ્તિ અને રોગમુક્તિ માટે એક હોસ્પિટલ બનાવવાનો પણ પ્રયાસ રહેશે. ભવિષ્યમાં યોગ અંગેના સંશોધનને નવો યોગ્ય માર્ગ આપવાનો પ્રયાસ થશે.

અંગ્રેજી માધ્યમમાં સંસ્કૃતના પુસ્તકમાં ગંભીર ભૂલો

સીતાનું અપહરણ રામે કર્યું હોવાનો છબરડો : વિવાદ વકરતાં પુસ્તકની ઓનલાઇન કોપી તરત સુધારી લેવાઈ

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં અંગ્રેજી માધ્યમના ધોરણ-૧૨ના સંસ્કૃત વિષયના પુસ્તકમાં એક ગંભીર ભૂલ સામે આવી છે. આ પુસ્તકમાં એવો ગંભીર છબરડો સામે આવ્યો છે કે, રામે સીતાનું અપહરણ કર્યું હતું. અધિકારીઓ આ ભૂલ માટે અનુવાદકને દોષિત માની રહ્યા છે. જો કે, પુસ્તકના આ ગંભીર છબરડા અને ભૂલના કારણે શિક્ષણજગતમાં જોરદાર ખળભળાટ મચી ગયો હતો. વિવાદ વકરતાં સત્તાવાળાઓ દ્વારા તાત્કાલિક ધોરણે પુસ્તકની ઓનલાઈન કોપીમાં તાત્કાલિક સુધારો કરી લેવાયો હતો. જો કે, ગુજરાતી ભાષાના પુસ્તકમાં આવી કોઈ ભૂલ સામે આવી ન હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ધોરણ-૧૨ અંગ્રેજી માધ્યના પુસ્તક 'ઈન્ટ્રોડક્શન ટુ સંસ્કૃત લિટ્રેચર' ના પાના નંબર ૧૦૬ પર લખવામાં આવ્યું છે કે અહીં કવિએ પોતાની મૌલિક વિચારસણીથી રામના ચરિત્રની શ્રેષ્ઠ તસવીર રજૂ કરી છે. રામ દ્વારા સીતાનું અપહરણ કર્યા બાદ લક્ષ્મણ દ્વારા રામને આપવામાં આવેલા સંદેશનું હૃદયસ્પર્શી વર્ણન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉક્ત વાક્યમાં અપહરણ રામની જગ્યાએ રાવણે કર્યું હતું તેમ લખવાનું હતું. આમ રાવણની જગ્યાએ રામનું નામ લખાઈ ગયુ છે જે ગંભીર ભૂલ હોવાનું સામે આવતાં રાજયના શિક્ષણજગતમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. શિક્ષણ સત્તાવાળાઓ અને જવાબદાર અધિકારીઓ દ્વારા આ સમગ્ર મામલામાં પ્રફુરીડર પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ થયો હતો પરંતુ વિવાદ વધુ વકરતાં સત્તાવાળાઓ દ્વારા તાત્કાલિક પુસ્તકની ઓનલાઈન કોપીમાં ભૂલ સુધારી લેવાઈ હતી અને સાચી વાકયરચના જોડી દેવાઈ હતી. બીજી તરફ ગુજરાતી પુસ્તકમાં છપાયેલ કાલિદાસના કાવ્ય 'રઘુવંશમ' માં આ વાત સાચી રીતે છપાઈ છે.

આમ ગુજરાતીમાં યોગ્ય લખાયુ છે પરંતુ અંગ્રેજી માધ્યમના પુસ્તકમાં છબરડો સર્જાતાં વધુ એક વખત વિવાદ સામે આવ્યો હતો. દરમ્યાન ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળના ડો.નીતિન પેથાણીએ જણાવ્યું હતું કે, અનુવાદમાં આ ભૂલ થઈ છે જેથી રાવણની જગ્યાએ રામનું નામ લખી દેવાયુ છે. ગુજરાતી પુસ્તકમાં આવી કોઈ ભૂલ નથી. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ પુસ્તકની ઓનલાઈન કોપીમાં પણ સુધારો કરી દેવામાં આવ્યો છે.

સંવેદના અને ચિંતન દ્વારા હળવાશથી માનવીય અભિગમને ઉજાગર કરતા લેખો

પર્યાવરણ એ આજકાલ વિશ્વભરમાં ખૂબ જ ચર્ચાતો સંવેદનશીલ વિષય છે. તે અંગે વિદ્વાનો દ્વારા મોટી મોટી વાતો, ચર્ચાઓ અને અભ્યાસો થતા રહ્યા છે. કારણ કે નાનાથી મોટા સૌ કોઈ સાથે તે સંકળાયેલ છે. અને એક યા બીજી રીતે સૌને સ્પર્શે છે.

પર્યાવરણને વિકસીત દેશો વેચાણની વસ્તુ સમજે છે અને કાર્બન ક્રેડિટના નામે વેપાર કરે છે. તો વિકાસશીલ દેશો અને અલ્પ વિકસીત કે ગરીબ દેશો માટે પર્યાવરણ આજીવિકા છે. તેથી કુદરતની આ અણમોલ સંપતિને તેઓ બેફામ રીતે દોહન કરીને પ્રદૂષણને આમંત્રણ આપે છે અને પછી અનેક રીતે સંતાપ ભોગવે છે.

સૃષ્ટિના જીવો પ્રત્યે માનવ કઠોર નહીં, સૌજન્યશીલ બને તે આવશ્યક છે. યંત્રોની યંત્રણાની ભરમારમાં એ પોતાની ભાવાત્મકતા અને સંવેદના ટકાવી રાખે તે આવશ્યક છે. પશ્ચિમના ભોગવાદી દેશોનું ચિંત છે 'વી આર માસ્ટર્સ ઑફ યુનિવર્સ' (અમે આ વિશ્વના માલિક છીએ) તેની સામે ભારતનું ચિંતન છે 'વી આર પાર્ટીકલ્સ ઑફ ધી યુનિવર્સ' (અમે આ વિશ્વના અંશ છીએ).

મનુષ્યને આવી ઊંચાઈ બક્ષવાનું કામ કંઈ સહેલું નથી. પણ એ કામ કોઈકે તો કરવું જ પડે. જે ચિંતન, મનન અને લગની વિના શક્ય નથી. આવી લગની લગાડીને બેઠેલા ફાધર વર્ગીસ પૉલ પર્યાવરણની મોટી મોટી વાતોને બાજુ પર મૂકી નાના પણ વાચનક્ષમ, વૈચારિક ઊંચાઈ ધરાવતા હોય છતાં સામાન્ય માણસ પણ તેને સહજ રીતે સમજી શકે તેવી સરળ ભાષામાં અને લાગણીમાં ઝબોળીને જે લેખો આપે છે તે જુદા જુદા સમય, સ્થળ અને પ્રસંગોને અનુરૂપ વૈચારિક છતાં ચિંતનના ભાર વિનાના સંવેદનશીલ વિચારોથી ભરપૂર છે. પર્યાવરણ સંવેદનાની આ ફૂલછાબ 'પર્યાવરણની સમીપે' પુસ્તક રૂપે આપણને મળે છે.

પર્યાવરણની સમીપે પુસ્તકમાં 'પર્યાવરણનો ખતરો' શિર્ષકથી લેખકે પ્રસ્તાવનામાં જ માનવજાતને લાલબત્તી ધરી છે. તો આ પુસ્તકના લેખોને 'પર્યાવરણ સંવેદનાની ફૂલછાબ' તરીકે વધાવી પર્યાવરણવિદ નટવર હેડાઉએ આવકાર આપ્યો છે. આ પુસ્તકમાં આપણને પર્યાવરણ સંબંધી ૨૪ જેટલા લેખો મળે છે.



પર્યાવરણ અંગે વૈજ્ઞાનિક વિચારસરણી, તેના ઘટકો અને તેની વૈશ્વિક રીતે વ્યાખ્યા કે વાતો ગમે તે થતી હોય, પણ અહીં તો સીધી, સરળ અને હૃદયની ભાષામાં લેખકે પોતે વાચક સાથે વાત કરતા હોય તેવી શૈલીમાં લેખો લખીને વાચક સાથે સંધાન સાધ્યું છે. પોતાની અને અન્યના અનુભવોની વાતો પણ કરી છે. પર્યાવરણ અંગે ક્યાંક ભલે નાનું પણ સુંદર કામ થઈ રહ્યું હોય તેની નોંધ પણ લીધી છે. લેખક અહીં પર્યાવરણ પ્રત્યે સભાનતાની વાત કરે છે તો સાથે સાથે પર્યાવરણનો મહિમા સમજવા માટે સૌ ભાઈ-બહેનોને પર્યાવરણની આત્મીયતા કેળવવા પણ જણાવે છે. જીવ વિજ્ઞાનની આધ્યાત્મિકતા અને પર્યાવરણની આધ્યાત્મિકતા જેવા જરાક કઠિન લાગે તેવા વિષયને સરળ રીતે સમજાવવા તેઓ એક પર્યાવરણ પ્રેમીની, બાળકો અને પ્રાણીજગતની કે ખિસકોલી અને પર્વતની વાત કરે છે. ત્યારે બાળક જેવા નિર્દોષ અને ઉર્મિશીલ લાગે છે.

આપણને આ લેખોમાં ઈસાઈ ધર્મ અને સંપ્રદાય દ્વારા પર્યાવરણ અંગે જે કંઈ વૈચારિક ચિંતન થયું છે કે થઈ રહ્યું છે તે મળે છે. જેમ કે 'ભૂમિ સંસ્કાર કે અગ્નિ સંસ્કાર', 'શું આ ભગવાનની કરામત હશે?' 'પર્યાવરણ સામેના પાપો' કે 'પર્યાવરણ પોષક દિપોત્સવ'ની વાત કરતાં તેમનામાં રહેલ ઈસાઈ ધર્મ અને સંપ્રદાયનું વૈચારિક ચિંતન તો મળે છે પણ કંઈક સમજફેર થતી હોય તેવું પણકદાચ વાચકને લાગે. કેમ કે આ તેમના પોતાના વિચારો છે. તેની સાથે બધા સંમત હોય તેવું કંઈ જરૂરી પણ નથી. પર્યાવરણ અંગેના લેખકના કેટલાક મૌલિક વિચારોથી પર્યાવરણ અંગે થોડી સંવેદના જાગશે તો લેખખનો આ પ્રયત્ન સફળ થયેલો ગણાશે. ફાધર વર્ગીસ પોલે આ અભિનવ દૃષ્ટિકોણથી પર્યાવરણ ક્ષેત્રે યોગદાન આપવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તે અભિનંદનીય છે.

પુસ્તક : પર્યાવરણની સ